જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૪/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૦૪ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી:-** **સમાચાર યાદી નં.૮૯૫/૧૭**

**કાલુપુર** : સુધાકર લક્ષ્મીકાન્ત ભૌમિક (ઉ.વ.૩૩)(રહે,મજુરગામ કંગાલપુરી સોસાયટી જોગણી માતાના મંદિર પાસે) તેમજ તરૂણભાઇ રઘુનાથભાઇ સાવંત (ઉ.વ.૩૮)(રહે,કવિ સારેની પોળ બાલા હનુમાન ખાડીયા) નાઓએ તા.૨૭/૪/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે બે અલગ-અલગ ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા દોઢેક વર્ષથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) શંકરલાલ નંદલાલ બેજ (સોની) (રહે,પ્રતિક્ષા એપાર્ટમેન્ટ નારણપુરા સોલા રોડ) (૨) મનુભાઇ નાજાભાઇ સેલાર (રહે, સુખી વાડીલ મણીનગર) (૩) રાજુભાઇ ઉર્ફે રઘુભાઇ જગુભાઇ (રહે,પાલીતાણા) (૪) કાંતિભાઇ (જેમના પુરા નામ-ઠામની ખબર નથી) અને (૫) વરૂણભાઇ ઉમાપાદક કોલે (રહે,લક્ષ્મીકુંજ સોસાયટી દાણીલીમડા) નાઓએ ભેગામળી સુધાકરભાઇ અને તરૂણભાઇને વિશ્વાસમાં લઇ, તેઓની માણેકચોક ગણેશ પ્લાઝા ખાતે આવેલ દુકાનોમાંથી સુધાકરભાઇ પાસેથી કુલ-૧૭૩. ૩૬૦ મિલિગ્રામ ચેઇનો તથા લકીઓની મજુરી સાથે રૂપીયા ૫,૧૯,૪૮૦/- તેમજ તરૂણભાઇ પાસેથી કુલ-૨૦૧૯. ૭૮૭ મિલિગ્રામ ફાઇન સોનાના દાગીના કિંમત રૂપીયા ૬૦,૫૯,૩૬૧/- નું પેમેન્ટ નહીં ચુકવી બંને સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “ડી” ડીવીઝન નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર** : સંગીતાબહેન વા/ઓ સોહિલભાઈ શાહ (રહે,ભદ્રેવર હાઉસિંગ સોસાયટી, પમ્પિગ પાછળ સરદારનગર) એ તા.૨૭/૪/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી દશેક માસ પહેલાથી તા.૨૦/૪/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન સંગીતાબહેન પાસે બેંકમાં એકાઉન્ટ ન હોઇ, સંગીતાબહેને આરોપી સીકંદર અબાશઅલી સેયદ (રહે,વટવા) ઉપર વિશ્વાસ રાખી કોરો ચેક આપતા, આરોપી સીકંદરે રૂપિયા ૪,૨૧,૫૩૦/- ઉપાડી લઈ, સંગીતાબહેનને પૈસા પરત નહી કરી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામજીભાઈ નાથુજી ચલાવે છે.

**નરોડા** : હંસાબેન રાણાભાઇ બલર (ઉ.વ.૬૯)(રહે.વ્રજ રેસીડેન્સી, વિ-૧ નરોડા-દહેગામ રોડ નરોડા) એ તા.૨૭/૪/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને મે/૨૦૧૪ થી તા.૨૭/૪/૧૭ રાતના ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી હરદતસિહ રાજેંદ્રસિહ ચાવડા (રહે. વ્રજ રેસીડેન્સી, વિ-૧ નરોડા દહેગામ રોડ નરોડા) એ હંસાબહેન તથા તેમની દિકરી તેજલને વિશ્વાસમાં લઇ, ધંધામા મુડી રોકાણ કરવા સારૂ ભરોસો આપી, બંને પાસેથી જુદી-જુદી રકમના ચેકો, આરોપી તથા તેનાં મળતીયાઓના ખાતામાં ભરી, રૂપીયા ૨૫,૦૦,૦૦૦/- ઉપાડી લઇ, હંસાબહેનને રૂપિયા પરત નહીં આપી, તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯૬/૧૭</u>**

**રામોલ** : દિપાબેન વા/ઓ દિંગતભાઈ સોની (ઉ.વ.૨૮)(રહે,નંદનવન સોસાયટી, ગીરીવર બંગ્લોઝની પાસે નિરાંત ચોકડી વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૬/૪/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મણીલાલ ચંદુભાઈ ચલાવે છે.

**વટવા (૧)** : અનિરુધ્ધ રામગુલામ સચાન (ઉ.વ.૩૫)(રહે,રણછોડ પાર્ક સોસાયટી, સીતાબાગ સોસાયટી સામે, ગેબનશા દરગાહની પાછળ વટવા) એ પોતાની પત્ની છેલ્લા ત્રણેક વર્ષથી પિયર ચાલી ગઇ હોઇ, મનમાં લાગી આવતાં, તા.૨૭/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ ફૂસાભાઈ ચલાવે છે.

**વટવા (૨)** : યાસમીનબાનું ડો/ઓ યાસીનભાઈ શેખ (ઉ.વ.૧૮)(રહે,રહેમતનગર નવાપુરા વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૭/૪/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાનાં સુમારે દવા પી લેતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૪/૨૦૧૭ રાતના ૯/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ યાસમીનબાનુને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)